RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૬૫૪ તા.૦૧–૩–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેશન અધિકારી અને ત. જાહેર માહિતી અધિકારી
ખાતાકીય તપાસ અધિકારી અને ત. જાહેર માહિતી અધિકારી ( ઈન્કવાયરી)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટની તા. ૨૦–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧)કતારગામઝોન વિસ્તારનાં ગેરકાયદે બાંધકામ દુર કરવા માટે અલગ અલગ અરજદારો દ્વારા ઉપલી કચેરી કે આપની કચેરીને મળેલ અરજીઓની માહિતી તથા તે અનુસંધાને થયેલ કાર્યવાહી સહિતની સંપૂર્ણ માહિતી આપવી તથા કોઈ કાર્યવાહી ન થયેલ હોય તો જવાબદાર અધિકારીઓના નામ સહિતની માહિતી આપવી વિ. મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા. ૦૧–૦૩–૧૨ ની **SMC/FAP/** નં.૬૫૪ /૨૦૧૧–૧૨

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહ્મભટ્ટની તા. ૨૦–૦૧–૧૨ની અરજીથી મુદ્દા નં. (૧) કતારગામઝોન વિસ્તારનાં ગેરકાયદે બાંધકામ દુર કરવા માટે અલગ અલગ અરજદારો દ્વારા ઉપલી કચેરી કે આપની કચેરીને મળેલ અરજીઓની માહિતી તથા તે અનુસંધાને થયેલ કાર્યવાહી સહિતની સંપૂર્ણ માહિતી આપવી તથા કોઈ કાર્યવાહી ન થયેલ હોય તો જવાબદાર અધિકારીઓના નામ સહિતની માહિતી આપવી વિ. મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. નોર્થઝોન/આઉટ/નં.૭૮૩૯ તા. ૮–૨–૧૨, પત્ર નં. એન.ઝેડ/આરટીઆઈ/જાવક/૮૩૦૬ તા. ૨૪–૨–૧૨ તથા કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ના પત્ર નં. નોર્થઝોન / આઉટ / નં. ૮૧૪૮ તા. ૧૮–૨–૧૨ થી મુદ્દા નં.૧ થી ૪ની માહિતી મુદ્દાસર પુરી નહિ પાડેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૦૧–૦૩–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને દસ્તાવેજોનું અંદાજીત Volume જણાવવા પણ સૂચિત કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૯૩૯ તા. ૭–૩–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન) , વીજીલન્સ એન્ડ ઈન્સ્પેશન અધિકારી અને ત. જાહેર માહિતી અધિકારી ખાતાકીય તપાસ અધિકારી અને ત. જાહેર માહિતી અધિકારી ( ઈન્કવાયરી) તથા અરજદારને તપાસણી માટેનો જાહેર માહિતી અધિકારીનો પ્રસ્તાવ સ્વીકારેલ કે કેમ ? તથા આરટીઆઈ એકટની કલમ–૭(૯) હેઠળ આમુખની જોગવાઈ જોતાં તેમ કર્યા વિના અપીલ કર્યાનું વાજબીપણું સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૬૨ તા. ૧૪–૩–૧૨ થી પૂરક વિગતોમાં પત્ર નં.જીએડી/ ઈએસટી/ આઈ/૬૨૭ તા. ૨૭–૨–૧૨ થી અરજદારને નાણા ભરી માહિતી મેળવવા પાઠવેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી વીજીલન્સ દ્વારા અરજદારને પાઠવેલ પત્ર નં.વીઆઈડી/૨૪૧૯ તા. ૧૬–૩–૧૨ ના પત્રની નકલ, કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૧૪૬ તા. ૧૮–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ, મ. જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી વિભાગ, મ. જાહેર માહિતી અધિકારી વીજીલન્સને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર

માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં..૨૦૬૬ તા. ૨૧–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૯૦૯૪ તા. ૨૭–૩–૧૨ ના પત્રથી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, મુળ અરજીની નકલ, અરજદારને દફતરી ઈન્સ્પેકશન અંગે પાઠવેલ પત્ર નં.નોર્થઝોન/ આ.નં.૭૮૩૯ તા. ૮–૨–૧૨ ના પત્રની નકલ, પત્ર નં.નોર્થઝોન/ આ.નં. ૮૧૪૮ તા. ૧૮–૨–૧૨ થી પુનઃ ઈન્સ્પેકશન અંગે પાઠવેલ પત્રની નકલ, કતારગામઝોન તરફથી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ, મ. જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી વિભાગ, મ. જાહેર માહિતી અધિકારી વીજીલન્સને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૦૬ તા. ૧૮–૨–૧૨ થી કતારગામઝોનને પાઠવેલ પત્રની નકલ, નોર્થઝોનમાં ફરજ બજાવતાં કાર્યપાલક ઈજનેર, ડે. ઈજનેર/આસી. જુની. ઈજનેરની માહિતીના પત્રકની નકલ, અરજદારનો તા. ૨૨–૨–૧૨ ના પત્રની નકલ, પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૩૦૫ તા. ૨૪–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી ગાર્ડન ખાતુ, વર્કશોપ, હાઈડ્રોલીક વિભાગ, સી.ઈ. સ્પે. સેલ, સો.વે.મે., ટાઉન પ્લાનીંગને તબદીલ કરેલ પત્રની નકલ, પત્ર નં.એન.ઝેડ/આ.નં.૮૩૦૬ તા. ૨૪–૨–૧૨ થી મુદ્દા નં.૩ અંગે આપેલ માહિતી તથા નકલપેટે પાના નંગ ૩૩ માટે રૂા. ૬૬/– ભરવા પ્રસ્તાવ કરતો પત્રની નકલ , મુદ્દા નં.૩ અંગે થયેલ કાર્યવાહી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી વીજલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૩૨૬ તા. ૩–૫–૧૨ ના પત્રથી પૂરક વિગતોમાં કતારગામઝોન તરફથી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ, મ. જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી વિભાગ, મ. જાહેર માહિતી અધિકારી વીજીલન્સને તબદીલ તબદીલ કરેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ પત્રની નકલ,,મુળ અરજીની નકલ, પત્ર નં.વીઆઈડી/આ.નં.૨૪૧૯ તા. ૧૬–૩–૧૨ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ, એકનોલ ેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા. ૨૦–૧–૧૨ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં..૨૦૬૬ તા. ૨૧–૧–૧૨ થી જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને સમય અવધિમાં તબદીલ કરવામાં આવેલ. જે કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૧૪૬ તા. ૧૮–૨–૧૨ થી જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ, મ. જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી વિભાગ, મ. જાહેર માહિતી અધિકારી વીજીલન્સને તબદીલ કરવામાં આવેલ. ત્યાર બાદ પત્ર નં.એન.ઝેડ/આરટીઆઈ/આ.નં.૮૩૦૫ તા. ૨૪–૨–૧૨ થી સમય અવધિ બાદ જાહેર માહિતી અધિકારી ગાર્ડન ખાતુ, વર્કશોપ, હાઈડ્રોલીક વિભાગ, સી.ઈ. સ્પે. સેલ, સો.વે.મે., ટાઉન પ્લાનીંગને તબદીલ કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) કતારગામઝોન વિસ્તારનાં ગેરકાયદે બાંધકામ દુર કરવા માટે અલગ અલગ અરજદારો દ્રારા ઉપલી કચેરી કે આપની કચેરીને મળેલ અરજીઓની માહિતી તથા તે અનુસંધાને થયેલ કાર્યવાહી સહિતની સંપૂર્ણ માહિતી આપવી તથા કોઈ કાર્યવાહી ન થયેલ હોય તો જવાબદાર અધિકારીઓના નામ સહિતની માહિતી આપવી. મુદ્દા નં.(૨) અલગ અલગ અરજદારો ધ્વારા જે જે ગે.કા. (વિ. પરવાનગી વગરના) બાંધકામોની માહિતી માંગવામાં આવી હોય તેવા બાંધકામના સરનામા તેમજ તેઓને જે જે માહિતી જેટલા સમયમાં પૂરી પાડવામાં આવી હોય તેના આ. નંબર અને તારીખ સહિતની માહિતી. મુદ્દા નં.(૩) હાલ કતારગામઝોનમાં ફરજ બજાવતાં હોય અને તેઓની વિરુધ્ધ વીજીલન્સ ઈન્સ્પેકશન કે ખાતાકીય તપાસ કે અન્ય કોઈ કાર્યવાહી થયેલ હોય તેવા કાર્યપાલક ઈજનેર અધિકારીનો નામ સહિતની થયેલ કાર્યવાહી સહિતની સંપૂર્ણ માહિતી આપવી. મુદ્દા નં.(૪) ઉપરોકત મુદ્દા નં.૩ અનુસંધાને જે તે અધિકારીઓ દોષિત ઠરેલ જાહેર થયેલ હોય, તેમ છતાં આજ રોજ ફરજ ઉપર હોય તો બીપીએમસી એકટની જે જે કલમ અને જોગવાઈઓ મુજબ ફરજ ઉપર છે તેની સંપૂર્ણ માહિતી પૂરી પાડવી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઈન્કવાયરી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૨૭ તા. ૨૭–૨–૧૨ થી સમય અવધિ બાદ મુદ્દા નં.૩ અંગે હાલમાં કતારગામઝોન ખાતે ફરજ બજાવતાં જુદી જુદી કેડરના અરજીના જણાવ્યા મુજબના ઈજનેરોના કતારગામઝોન ધ્વારા પૂરી પાડવામાં આવેલ નામો ઉપલબ્ધ રેકર્ડ અનુસાર જે ઈજનેરો સામે કાર્યવાહી થયેલ છે તે અન્વયેની માહિતીના પાના નં–૨૨૭ તમોને આપવા જોગ છે જે નકલોના પાના દીઠ રૂા. ૨/– લેખે કુલ પાના નંગ–૨૨૭ ના કુલ રૂા.૪૫૪/– મનપાના સીવીક સેન્ટર ખાતે જમા કરાવ્યેથી રસીદની નકલો રજૂ કર્યેથી નકલો પૂરી પાડવામાં આવશે તેવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૭૮૩૯ તા. ૮–૨–૧૨ થી અરજદારને ઉપલબ્ધ રેકર્ડની વિગતો ઘણી થતી હોય લંબાણ પૂર્વકની હોય સમય માંગી લે તેમ હોય તમોને આ પૈકીમાં કઈ કઈ વિગત જોઈએ છે જે અંગે દફતરે રૂબરૂ ચકાસણી કરી સમય અવધિમાં જવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદારે તેમના તા.૧૩–૨–૧૨ ના પત્રથી મુદ્દા નં.૧,૨,૩,૪ તેમજ સમયગાળો તેમજ માંગેલ સમગ્ર માહિતી સ્પષ્ટ રીતે જણાવેલ હોય કોઈ જ દફતરી તપાસણી કે દફતરી ચેક કરવાની જરૂરીયાત જણાતી નથી. તેમજ આપ હાજર રહેતા નથી અને ખોટો ખોટી દલીલો કરી તપાસણી અર્થેના હાજર રાખવાના કોઈ જ દફતરી હાજર રાખતા નથી. વધુમાં સાઉથઝોન ઉધના વિરુધ્ધ કરેલ અપીલ અંગે સુનાવણી ગુ.રા.મા. ગાંધીનગર ખાતે હાજર રહેવાનું હોવાથી દફતરી તપાસણી શકય નથી. તેવું જણાવેલ છે. ત્યાર બાદ પત્ર નં.એન.ઝેડ/આ.નં.૮૧૪૮ તા. ૧૮–૨–૧૨ થી અરજદારને પુનઃ દફતરી તપાસણી માટે પત્ર પાઠવવામાં આવેલ. ત્યાર બાદ જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૮૩૦૬ તા. ૨૪–૨–૧૨ થી મુદ્દા નં. ૩ અંગે નોર્થઝોનના વહીવટી વિભાગ ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગેનું પત્રક રૂા.૨/– લેખે કુલ –૩૩ નકલના રૂા.૬૬/– દસ્તાવેજ ફી ભરપાઈ કર્યેથી તેની નકલ આપવામાં

આવશે. તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી વીજલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૨૪૧૯ તા. ૧૬–૩–૧૨ થી મુદ્દા નં.૩ અંગે કતારગામઝોનમાં ફરજ બજાવતાં કર્મચારીઓ બાબતે કયા કેસોની તપાસની માહિતી માંગવામાં આવેલ છે. તે અંગે જરૂરી સ્પષ્ટતા કર્યેથી માંગ્યા મુજબની ઉપલબ્ધ માહિતી આપી શકાશે. વધુમાં જાહેર માહિતી અધિકારીને અત્રેથી **પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા તથા જાહેર માહિતી અધિકારી નોર્થઝોનને દસ્તાવેજોનું અંદાજીત Volume જણાવવા** પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદાર તરફથી પણ કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી.

અરજદારની પ્રથમ અપીલ તા.૦૧–૩–૧૨ ધ્યાને લેતાં ૩૦–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસ પાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૦–૧–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કતારગામ તરફથી માહિતી વિશાળ જથ્થામાં હોવાનું જણાવી રૂબરૂ તપાસણી અંગ જે પ્રસ્તાવ કરેલ છે તે આરટીઆઈ કાયદાના આમુખમાં જણાવ્યા મુજબ મર્યાદિત નાણાંકીય સાધનોનો મહત્તમ ઉપયોગ કરવા તથા કલમ–૭(૯)અનુસાર સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં જ પુરી પાડવી જોઈશે,સિવાય કે તેનાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેવી જોગવાઈ કરેલ છે જે આરટીઆઈ કાયદાની કલમ–૭(૯) સાથે સુસંગત છે. આથી અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી કતારગામે કરેલ પ્રસ્તાવ અનુસાર તપાસણી મેળવી વિકલ્પે દસ્તાવેજ ફી ભરી જરૂરીયાત મુજબની ખપ પૂરતી નકલો મેળવી શકે છે. અરજદારની તેવી માંગણી થયેથી તેની અમલવારી કરવા તથા અરજી સમયસર તબદીલ થાય તેની કાળજી લેવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે. જયારે જા.મા.અ.ઈન્કવાયરી દ્રારા સમય અવધિ બાદ ફી ભરવા પાઠવેલ પત્ર ધ્યાને લેતા આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા ખાતાકીય તપાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. જયારે જાહેર માહિતી અધિકારી અને વીજીલન્સ ઓફિસરનો પ્રત્યુત્તર અરજદારે માંગેલ મુદ્દા નં. ૩ની સ્પષ્ટ માહિતી સાથે સુસંગત ન હોઈ, આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલયે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પુરી પાડવા વીજીલન્સ અધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને ત.એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેશન અધિકારી અને ત. જાહેર માહિતી અધિકારી ખાતાકીય તપાસ અધિકારી અને ત. જાહેર માહિતી અધિકારી ( ઈન્કવાયરી) ...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ,